દાખલ તારીખ : ૦૮/૦૪/૨૦૨૬
રજી. તારીખ : ૦૮/૦૪/૨૦૨૬
ફેસલ તારીખ : ૨૦/૦૭/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**
**૦૦–૦૩–૧૨**

---

**ગોંડલના મહે. ચોથા એડીશ્નલ સેશન્સ જજ સમક્ષ, રાજકોટ એટ ગોંડલ.**

---

**પુષ્પા શંકરલાલ સૈની**
ચોથા એડીશ્નલ સેશનસ જજ,
રાજકોટ એટ ગોંડલ
**(ચુકાદાની તારીખ : ૨૦/૦૭/૨૦૨૬)**

**સેશન્સ કેસ નં.૩૧/૨૦૨૬**
**આંક :– ૧૫**

**શ્રી સ ર કા ર ....ફરીયાદપક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**મોલેષભાઈ સ/ઓ રામલાલભાઈ રાજપુત**
ઉ.વ.પુખ્ત, ધંધો–પ્રા.નોકરી,
રહે.ભરુચ, નવી વસાહત, સીવીલ હોસ્પીટલ સામે,
મકાન નં.૮/૭, મુળ આગ્રા, ઉતરપ્રદેશ. **....આરોપીપક્ષ.**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના** <u>ઠરાવેલ પર્ફોમા મુજબ.</u>

:: FORM-A ::

| :: એફ.આઈ.આર.ની વિગતો, ગુન્હો અને પોલિસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલિસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ સીટી પો.સ્ટે., વર્ષ : ૨૦૨૩, પ્રથમ માહિતી અ. ક્રમાંક નં.૧૧૨૧૩૦૧૫૨૩૧૦૬૯/૨૦૨૩, તા.૦૩/૦૯/૨૦૨૩ |
| **ગુન્હો :** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) મુજબ. |

| | |
|---|---|
| ફરીયાદી : | **શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત**<br>(મુળ ફરીયાદી : ભોગબનનાર) |
| ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી : | **શ્રી જી.કે.ડોબરીયા.** |
| આરોપી : | **મોલેષભાઈ સ/ઓ રામલાલભાઈ રાજપુત**<br>ઉ.વ.પુખ્ત, ધંધો–પ્રા.નોકરી,<br>રહે.ભરુચ, નવી વસાહત, સીવીલ હોસ્પીટલ સામે,<br>મકાન નં.૮/૭, મુળ આગ્રા, ઉત્તરપ્રદેશ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી : | **શ્રી એચ.એસ.ચૌહાણ.** |

**:: FORM-B ::**

| | |
|---|---|
| DATE OF OFFENCE | 15/12/2022 TO 09/08/2023 |
| DATE OF F.I.R. | 03/08/2023, At 11.55 |
| DATE OF CHARGESHEET | 03/10/2023 |
| DATE OF FRAMING OF CHARGE | 10/06/2026 |
| DATE OF COMMENCEMENT OF EVIDENE | 25/06/2026 |
| DATE ON WHICH JUDGMENT IS RESERVED | 15/07/2026 |
| DATE OF THE JUDGMENT | 20/07/2026 |
| DATE OF THE SENTENCING ORDER IF ANY, | ------------- |

<u>ACCUSED DETAILS :-</u>

| RANK OF THE ACCU-SED | NAME OF ACCUSE | DATE OF ARREST | DATE OF RELEA-SED ON BAIL | OFFENCES CHARGED WITH | WHETHER ACQUITED OR CONVIC-TED | SENT-ENCE IMPO-SED | PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION-428 OF Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | MOLESH BHAI RAMLAL BHAI RAJPUT | 04/09/2023 | 15/09/2023 | I.P.C SEC.-376(2)(N) | ACQUITED | ---- | 11 DAYS |

**:: FORM-C ::**

**:: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::**

**(એ) ફરીયાદપક્ષ તરફે :–**

## :: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૦ | સાહેદ નં.૧ (ભોગબનનાર) | ફરીયાદી |
| ૨ | ૧૧ | સાહેદ નં.૨ (ભોગબનનારના માતા) | સાહેદ |
| ૩ | ૧૨ | સાહેદ નં.૩ (આનંદ ચંદુભાઈ ડામોર) | ત.ક.અમલ દાર |

## (બી) બચાદવપક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## :: ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | P1/PW1 |
| ૨ | ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન | P2/PW1 |
| ૩ | ગુન્હો રજી કરવાનો પત્ર | P3 |
| ૪ | તપાસનો ડેપ્યુટ હુકમ | P4 |
| ૫ | સ્થાનીક જગ્યાનું પંચનામું | P5 |
| ૬ | ફરીયાદીના કપડા કબ્જે કરેલાનું પંચનામું | P6 |
| ૭ | આરોપીને અટક કરેલાનું પંચનામું | P7 |
| ૮ | ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ | P8 |
| ૯ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ | P9 |
| ૧૦ | મુદ્દામાલ રવાનગી નોંધ તથા સતાનું પ્રમાણપત્ર | P10 |
| ૧૧ | એફ.એસ.એલ. પહોંચ | P11 |
| ૧૨ | એફ.એસ.એલ. રીપોર્ટ | P12 |

**બચાવપક્ષે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | **મુ.પા.નં.૩૦૪/૨૦૨૩, તા.૦૩/૦૯/૨૦૨૩** | (૧) એક ગ્રે કલરનું ગોળ ગળાનું ટુંકી બાયનું જેમાં આગળના ભાગે અંગ્રેમાં ડુથીંગ માય બેસ્ટ બટ કાઇન્ડ ઓફ હોટ મેસ લખેલ દેખીતા ડાઘ નીશાન વગરનું ટી–શર્ટ એક કાપડના બેગમાં શીલબંધ છે તે<br>(૨) એક સફેદ કલરની લાલ દુધીયા ગુલાબી ફુલની ડિઝાઇન તેમજ લાસીક વાળી કલરની દેખીતા ડાઘ નિશાન વગરની ચોરણી એક કાપડના બેગમાં શીલબંધ છે તે<br>(૩) એક સફેદ કલરની બ્લુ ફુલની ડિઝાઇન વાળી દેખીતા ડાઘ નિશાન વગરની બ્રા એક કાપડના બેગમાં શીલબંધ છે તે<br>(૪) એક મહેદી કલરની જોરાના ભાગે સુકાયેલ કોઇ પદાર્થના ડાઘ વાળી નીકર એક કાપડના બેગમાં શીલબંધ છે તે |
| ૨ | **મુ.પા.નં.૩૦૫/૨૦૨૩, તા.૦૪/૦૯/૨૦૨૩** | (૧) એક પીળા કલરનું ગોળ ગળાનું અડધી બાયનું જમણી બાજુ છાતીના ભાગે અંગ્રેજીમાં આઇ.વી. લખેલ દેખીતા ડાઘ નિશાન વગરનું ટી–શર્ટ એક કાપડના બેગમાં શીલબંધ છે તે<br>(૨) એક મહેદી લકરનું લાસ્ટીકવાળુ બેબાન વાળુ દેખીતા ડાઘ નિશાન વગરનું ટ્રેક પેન્ટ એક કાપડના બેગમાં શીલબંધ છે તે<br>(૩) એક બ્લુ કલરની મળી પટી વાળો |

| | | |
|---|---|---|
| | | જે કાળી પટીમાં અંગ્રેજીમાં ડીગ એલ લખેલ દેખીતા ડાઘ નિશાન વગરની નીકર એક કાપડના બેગમાં શીલબંધ છે તે |

**:: <u>જજમેન્ટ</u> ::**

(૧) આ કામના આરોપી સેશન્સ કેસ નં.૩૧/૨૦૨૬ ની ટ્રાયલનો સામનો કરી રહયા છે, તેઓની વિરૂદ્ધ આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન) મુજબના ગુન્હા સબબ તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ આંક–૦૮ થી અત્રેની કોર્ટ દ્વારા તહોમતનામું ફરમાવેલ. જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા તેઓનું આંક–૦૯ મુજબ નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ તહોમતનામાં મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ જેથી આરોપી સામે તહોમતનામાં મુજબ આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન) ના ગુન્હા સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ.

**(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત :–**

આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદી સાથે સગાઇ કરેલ હોય અને સગાઇ થયા બાદ આ કામના આરોપીએ ફરીયાદીને આપણે બંન્ને પતિ–પત્ની કહેવાય અને લગ્ન ટુંક સમયમાં થવાના છે તેમ કહી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીની મરજી વિરૂદ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી બાદ સગાઇ તોડી નાખી લગ્ન કરવાની ના પાડી, આ કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) મુજબનો ખુબજ ગંભીર શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ જેની ફરીયાદીએ ફરીયાદ તા.૦૩/૦૮/૨૦૨૩ ના રોજ ગોંડલ સીટી પો.સ્ટે.ના પી.એસ. ઓ.રૂબરૂ જાહેર કરેલ.

/બી/ ફરીયાદીએ ઉપરોકત હકીકતે બનેલ બનાવની ફરીયાદ તા. ૦૩/૦૮/૨૦૨૩ ના રોજ રાજકોટ રૂરલ ગોંડલ સીટી પોલિસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ ફરીયાદ જાહેર કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબ ની ફરીયાદ લખી લઇ, ગુન્હો રાજકોટ રૂરલ ગોંડલ સીટી પોલિસ સ્ટેશન ફર્સ્ટ

ગુ.રજી.નં.૧૧૨૧૩૦૧૫૨૩૧૦૬૯/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ–૩૭૬(૨)(એન) મુજબની તપાસ હાથ ધરવામાં આવેલ. તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો લીધેલા,આરોપી મળી આવતા આરોપીને અટક કરેલ તેમજ કપડા કબ્જે કરેલાનું પંચનામું કરેલ તેમજ ભોગબનનારના કપડા કબ્જે કરેલાનું પંચનામું કરેલ તેમજ ભોગબનનાર/ફરીયાદીનું નિવેદન લીધેલ તેમજ ભોગબનનાર/ફરીયાદીનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવેલ તેમજ ભોગબનનાર/ફરીયાદીની તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવેલ તેમજ કબ્જે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. રાજકોટમાં મોકલેલ તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા ચાર્જશીટ રજુ કરેલ.

## (૩) કમીટલ પ્રોસીડીંગ્સ:–

આરોપી વિરૂદ્ધ ગોંડલના વિદ્વાન એડી.ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૧૮૪૭/૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ વિદ્વાન મેજી.શ્રીએ આરોપીને તેમની વિરૂદ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી, આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા ફકત સત્ર અદાલતને હોય, આરોપી પોતાના સ્વ–ખર્ચે વકીલ રોકી પોતાનો કાનુની બચાવ કરવા માંગતા હોવાનુ જણાવતા, વિદ્વાન મેજી.શ્રીએ સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમીટ કરવાનો હુકમ કરેલ.

## (૪) તહોમતનામું અને આરોપીની પ્લી:–

સદર કેસ કમીટ થઈને આવતા તે સેશન્સ કેસ નં.૩૧/૨૦૨૬ થી રજીસ્ટરે લઈ સદર કેસ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની અદાલતમાં તબદીલ કરતા આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી, તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ આંક–૦૮ થી તહોમતનામું ફરમાવતા, આરોપીએ તેમના આંક–૦૯ મુજબના નિવેદનથી ગુન્હો કર્યાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા તેમજ સરકારી વકીલની માંગણી કરતા તેઓએ સરકારી વકીલ રોકવાની ના પાડેલ અને ખાનગી વકીલ રોકી

ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી જામીન મુકત થયેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત ફોર્મ–સી માં દર્શાવેલા તમામ પુરાવાઓ નોંધવાની કાર્યવાહી કરવામાં આવેલ વિ.એડી.પી.પી.શ્રીએ આંક–૧૩ થી ડ્રોપીગ પુરસીસ આપી ફરીયાદપક્ષના અન્ય સાહેદોને ડ્રોપ કરવાની પુરસીસ આપી આંક–૧૪ થી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩) બી.એન.એસ.એસ કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેનો પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરી, તેમને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદો તપાસવા નથી તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની તથા ફરીયાદપક્ષના સાથે કૌટુંબીક ઝઘડો થતા ખોટો કેસ ઉશ્કેરાટમાં કરેલ હોવાની હકિકતો જણાવેલ છે. વિશેષમાં આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદો તપાસેલ નથી.

(૬) <u>ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા</u> દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો.કલમ–૩૭૬(૨)(એન) મુજબનો ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે. આરોપી અને ભોગબનનારની સગાઇ થયા બાદ આરોપીએ ભોગબનનારને પોતાની પત્ની હોવાનું જણાવી અને ટુંક સમયમાં તેઓના લગ્ન થઈ જવાના છે તેવી લાલચ આપી, વિશ્વાસમાં લઈ, આરોપીએ ભોગબનનાર સાથે આરોપીના ભરુચ મુકામેના ઘરે તથા ફરીયાદીના ઘરે તેણીની મરજી વિરૂદ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધેલ ત્યારબાદ સગાઈ તોડી નાખી અને લગ્ન કરવાની ના પાડેલ જેના કારણે ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ ફરીયાદ કરેલ છે પરંતુ આરોપી સાથે ભોગબનનારના લગ્ન થઈ ગયેલ હોય જેથી ભોગબનનારે આરોપી વિરૂદ્ધ કોઇ પુરાવો આપેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે ભોગબનનારની માતાએ પણ ફરીયાદપક્ષની કેસને સમર્થન આપેલ નથી પરંતુ ફરીયાદીએ તેમની ફરીયાદમાં આક્ષેપ મુજબનુ કૃત્ય કરવામાં આવેલ હતુ તેવી હકિકત

જણાવેલ છે અને ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ છે તે ધ્યાને લઇ આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબ વધુમાં વધુ સજા કરવા અરજ ગુજારેલ છે.

(૭) <u>બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રી એચ.એસ.ચૌહાણ</u> નાઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનાર બનાવ સમયે પુખ્ત વયના સ્ત્રી હતા અને આરોપી અને ભોગબનનારની સગાઇ થઇ ગયેલ હતી અને તેઓ બંન્ને અવાર નવાર ફરવા જતા હતા અને એકબીજા સાથે વાતચીત કરતા હતા પરંતુ આરોપીએ ભોગબનનાર સાથે કોઇ પણ પ્રકારનો શરીર સબંધ બાંધેલ નથી તે ભોગબનનારના પુરાવા પરથી રેકર્ડ ઉપર આવેલ છે જેથી ફરીયાદપક્ષે ભોગબનનારના પુરાવાથી આરોપી વિરૂદ્ધ ના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે ભોગબનનારના માતાએ ફરીયાદપક્ષના સમર્થન આપેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે બચાવપક્ષના આંક–P3 થી P12 સુધીના દસ્તાવેજો કબુલ કરવામાં આવેલ જે જોતા પણ આરોપી વિરૂદ્ધ કોઇ મેડીકલ પુરાવો કે અન્ય દસ્તાવેજી પુરાવો મળી આવતો નથી અને ભોગબનનાર અને આરોપીની મેડીકલ ઓફીસરશ્રી સમક્ષની હિસ્ટ્રી આપેલ હોવા માત્ર થી આરોપીને સજા કરી શકાય નહી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, બંન્ને પક્ષકારો વચ્ચે મતભેદ થતા તકરાર થયેલી અને ભોગબનનાર અને આરોપી વચ્ચે સગાઇ તુટવાના ડરથી આરોપી વિરૂદ્ધ ફરીયાદ આપવામાં આવેલ હતી પરંતુ ત્યારબાદ આરોપી અને ભોગબનનારના લગ્ન થઇ ગયેલા અને હાલ તેઓને એક સંતાન પણ છે અને જયારે ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધ ના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય તે સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૮) ઉપરકોત હકિકતે કેસના અંતીમ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-// મુદ્દાઓ //-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની આરોપી સાથે તા.૦૫/૧૨/૨૦૨૨ ના રોજ સગાઇ થયેલ હોય જેથી આ કામના આરોપીએ ફરીયાદીને જણાવેલ કે આપણે બંન્ને પતિ-પત્ની કહેવાય અને આપણા બંન્નેના લગ્ન ટુંક સમયમાં થવાના છે તેવી લાલચ આપી, વિશ્વાસમાં લઇ, ફરીયાદીને ભરુચ આ કામના આરોપીના ઘરે તેમજ ફરીયાદીના ઘરે ફરીયાદીની મરજી વિરૂદ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી, સગાઇ તોડી નાખી, લગ્ન કરવાની ના પાડી, આ કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન), મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૯)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

(૧) ''નકારમાં''

(૨) ''આખરી હુકમ મુજબ''

**-// કારણો //-**

**<u>:પુરાવાની ચર્ચા,પુરાવાનુ વિશ્લેષણ, નિર્ણય અને નિર્ણયના કારણો:</u>**

**<u>મુદ્દા નં.૧:-</u>**

**શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની આરોપી સાથે તા.૦૫/૧૨/૨૦૨૨ ના રોજ સગાઇ થયેલ હોય જેથી આ કામના આરોપીએ ફરીયાદીને જણાવેલ કે આપણે બંન્ને પતિ-પત્ની કહેવાય અને આપણા બંન્નેના લગ્ન ટુંક સમયમાં થવાના છે તેવી લાલચ આપી, વિશ્વાસમાં લઇ, ફરીયાદીને ભરુચ આ કામના આરોપીના ઘરે તેમજ ફરીયાદીના ઘરે ફરીયાદીની મરજી વિરૂદ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી, સગાઇ તોડી નાખી, લગ્ન કરવાની ના પાડી, આ કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન), મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

**<u>પુરાવાની ચકાસણીના સિધ્ધાંતો:</u>**

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓની ચર્ચા અને વિશ્લેષણ કરતા પહેલા કાયદાકીય પરિસ્થીતિ અને પ્રસ્થાપિત સિદ્ધાંતો જોવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલતનો **સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂદ્ધ પુત્તારાજા એ.આઈ.આર. ૨૦૦૪ સુ.કો. પાના નં.૪૩૩** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એવો સિદ્ધાંત પ્રતિપાદીત કરેલ છે કે ''**બળાત્કારના કિસ્સામાં ભોગબનનારનું નામ જજમેન્ટમાં લખવુ જોઈએ નહી**'' જેથી આ સિદ્ધાંતને આધારે આ અદાલતે ભોગબનનારનું નામ આ કેસમાં આ જજમેન્ટમાં કોઈ જગ્યાએ જણાવેલ નથી. વધુમાં **દયાભાઈ છગનભાઈ ઠકકર વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત એ.આઈ.આર.૧૯૬૪ સુ.કો. પાના નં.૧૫૬૩** ના કેસમાં પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે ''**આરોપી વિરૂદ્ધ કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શિરે છે અને જયાં સુધી આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવુ અનુમાન થાય છે.**''

**(૧૧)** વધુમાં ભારતીય સાક્ષ્ય અધિનિયમ,૨૦૨૩ ની કલમ–૧૩૯ (ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪) પ્રમાણે કોઈ હકિકતની સાબિતી માટે સાહેદની અમુક સંખ્યા આવશ્યક હોવી જરૂરી નથી. કેસના સંજોગો પ્રમાણે કોઈ હકિકત સાબિત કરવા માટે એક સાહેદનો પુરાવો પણ પ્રસ્તુત અને પર્યાપ્ત બની રહે અને કયારેક સંખ્યાબંધ સાહેદો તપાસવામાં આવતા હોય તેમ છતા હકિકત સાબિત થતી નથી જેથી રજુ કરવામા આવેલ પુરાવાની અમુક સંખ્યા નહી, પરંતુ પુરાવાની ગુણવતા એ અગત્યની છે અને તે સાથે સાહેદના પુરાવાની વિશ્વાસનીયતા મહત્વની રહે છે નહી કે સાહેદોનો જથ્થો. સાહેદની ક્ષમતા અને વિશ્વાસનીયતા વચ્ચે પણ તફાવત છે. વિશ્વાસનીયતા સાહેદની ક્ષમતા પર નહી, પરંતુ સાહેદની પ્રમાણીકતા સાથજે સબંધ ધરાવે છે અને સાહેદના પુરાવાની વિશ્વાસનીયતાની ચકાસણી જે તે સાહેદના પુરાવાનું વિશ્લેષણ કર્યા બાદ કરી શકાય. જે બનાવ બનેલ હોય તે

બનાવ પ્રત્યક્ષ પણે જોનાર વ્યકિતને નજરે જોનાર સાહેદ કહેવાય અને આ સાહેદનો પુરાવો એ કારણસર અગત્યનો ગણે છે કે તે સાહેદ પ્રત્યક્ષ પુરાવો આપે છે અને એવા સાહેદની બનાવના સ્થળે હાજરી જો સ્વાભાવીક હોય તો તે સંજોગોમાં એવા સાહેદના પુરાવાની વિશ્વાસનીયતા વધી જાય છે. વધુમાં પ્રત્યેક વ્યકિતની સમજદારી બુધ્ધીમતાને આંક, નીરીક્ષણ શકિત, યાદાસ્ત, નૈતીક ધોરણ અને અદાલત સમક્ષ આ બનાવ રજુ કરવાની શકિત અલગ અલગ હોય સાહેદની જુબાનીમાં કોઇ ક્ષતી કે ભુલ, વિસ્મુતી કે અસંગતતા માલુમ પડે ત્યારે ફકત તેટલા કારણોસર તે સાહેદ માનવા લાયક નહી તેમ કહી શકાય નહી અને બનાવ નજરે જોનાર પ્રત્યેક વ્યકિતના પ્રભાવ અલગ હોય શકે છે છતા પણ સત્ય એ સત્ય જ છે. રજુ થયેલા પુરાવા પરથી સત્યની ખોજ અને ન્યાયની સાચવણી, આરોપીના અધિકારો તથા સમાજ પ્રતયેની ન્યાય વ્યવસ્થાની જવાબદારી કાયદાકીય પ્રાવધાનોને આધિન કરવાની હોય છે અને અમુક કેસમાં એક માત્ર સાહેદના વિશ્વાસનીય પુરાવાથી આરોપીને સજા કરી શકાય.

In the case of ***Kunju Vs. State of Tamilnadu reported in AIR 2008 SC 1381, and in the case of Josephy Vs. State of Kerala reported on 2003 SCC (Cri.) 356,*** it was held that -

> *"section 134- no particular number of witnesses shall be required for the proof of any fact and therefore it is permissible for a Court to record and sustain a conviction on the evidence of a solitary eye witness. But, at the same time, such a course can be adopted only if the evidence tendered by such witness is cogent, reliable and in tune with probabilities and inspires implicit confidence." Therefore in the present case also there are eye witness to the incidence and therefore if the evidence of the eye witness is reliable and trustworthy, the conviction can be held as proper.*

**(૧૧.૧)** વધુમાં પ્રસ્તુત કેસમાં જયારે સાહેદો પુરાવો આપતા હોય ત્યારે તેઓએ આપેલ પુરાવો સંપુર્ણપણે વિશ્વાસનીય છે કે આંશીક રુપી વિશ્વાસનીય છે કે પુર્ણત: અવિશ્વાસનીય છે તે હકિકત દરેક કેસમાં કેસની હકિકત તથા સંજોગોને આધિન રહે છે.

The Hon'ble Supreme Court has ***in the case of Vadivelu Thevar Vs. State of Madras reported in 1957 SCR 981*** had the occasion to discuss different types of evidence in relation to appreciation of evidence and that are "(i) wholly reliable, (ii)wholly unreliable and (iii) neither wholly reliable nor wholly unreliable. It is held that-

> *"if the evidence along with the surrounding it, makes the Court believe it wholly reliable qua an issue, it can decide its existence on a degree of probability. Similar is the case where evidence is not believable. When evidence produced is neither wholly reliable nor wholly unreliable, it might require corroboration and in such a case Court can also take a note of contradictions available in other matters. "*

**(૧૧.૨)** વધુમાં કેટલાક કેસોમાં સાહેદી આપનાર સાહેદો મરણજનાર કે ઈજા પામનારના કુટુંબીજનો કે સગા–સબંધીઓ કે સહ કર્મચારીઓ કે સહ કામદારો કે ઓળખીતા થતા હોય છે, પરંતુ તે માત્રથી આ પ્રકારના સાહેદોને શંકાની દ્રષ્ટીથી જોઈ શકાય નહી.

In the case of ***Masalti Vs. State of U.P. reported in (1964) 8 SCR 133: AIR 1965 SC202,*** a five judge bench of the Honorable Supreme Court has observed in para 14 AIR pp.209-210, para 14 that-

> *"14.....There is no doubt that when a criminal court has to appreciate evidence given by witness who are partisan or interested, it has to be very careful in weighing such evidence. Whether or not there are discrepancies in the evidence; whether or not the evidence strikes the Court as genuine; whether or not the story disclosed by the evidence is probable, are all matters which must be taken into account. But it would, we think, be unreasonable to contend that evidence given by witness should be discarded only on the ground that it is evidence of partisan or interested witness. Often enough, where factions prevail in villages and murders are committed as a result of enmity between such factions, criminal Courts have to deal with evidence of a partisan type. The mechanical rejection of such evidence on the sole ground that it is partisan would invariably lead to failure of justice. No hard-and-fast rule can be laid down as to how much evidence should be appreciated. Judicial approach has to be cautious in*

> *dealing with such evidence; but the plea that such evidence should be rejected because it is partisan can not be accepted as correct."*

In the case of ***Harbans Kaur Vs. State of Haryana reported in (2005) 9 SCC 195,*** the Honorable Supreme Court held that-

> *" There is no proposition in law that relatives are to be treated as untruthful witnesses. On the contrary, reasons has to be shown when a plea of partiality is raised to show that the the witness had reason to shield actual culprit and falsely implicate the accused"*

Further in the case of ***Namdeo Vs. State of Maharashtra reported in (2007) 14 SCC 150,*** the Honorable Supreme Court has in para 38 summarized the law as -

> *"38.....It is clear that a close relative can not be characterized as an " interested Witness". He is a " natural witness". His evidence, however, must be scrutinized carefully. If on such scrutiny, his evidence is found to be intrinsically reliable, inherently probable and wholly trustworthy, conviction can be based on the "sole" testimony of such witness. Close relationship of the witness with the deceased or victim is no ground to reject his evidence. On the contrary, close relative of the deceased would normally be most reluctant to spare the real culprit and falsely implicate an innocent one."*

In the case of ***Rajesh Yadav and Anr. etc. Vs. State of U.P. in Criminal appeal Nos. 339-340 of 2014,*** the Honorable Supreme court has held that,

> *"evidence of relatives of the deceased/victim can not be treated as affected or washed off the record altogether but the same can be accepted to the extent their version is found to be dependable on a careful scrutiny thereof. Therefore there is no law to discard the evidence of the witnesses who are the relatives of the victim or the deceased."*

**(૧૨)** આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) મુજબનો આક્ષેપ હોય જેથી તેવો વિરુદ્ધ રજુ થયેલા પુરાવાઓનું વિશ્લેષણ કરતા પહેલા ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવી જોઇએ. ‘‘બળાત્કાર’’ શબ્દને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૫ ની

જોગવાઈથી વ્યાખ્યાબંધ કરવામાં આવેલ છે અને સજાની જોગવાઈ કલમ – ૩૭૬ તથા ૩૭૬(૩) માં કરેલ છે જે નીચે મુજબ છે.

Section 375 of I.P.C : Rape:-

**A man is said to commit "rape" if he--**

(a) penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person,

**under the circumstances falling under any of the following seven descriptions:**

***First.***Against her will.

***Secondly***.Without her consent.

***Thirdly***.With her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt.

***Fourthly.***With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes herself to be lawfully married.

***Fifthly.***With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome substance, she is unable to understand the nature and consequences of that to which she gives consent.

*Sixthly.*With or without her consent, when she is under eighteen years of age.

*Seventhly.*When she is unable to communicate consent.

*Explanation 1.*For the purposes of this section, "vagina" shall also include labia majora.

*Explanation 2.*Consent means an unequivocal voluntary agreement when the woman by words, gestures or any form of verbal or non-verbal communication, communicates willingness to participate in the specific sexual act:

Provided that a woman who does not physically resist to the act of penetration shall not by the reason only of that fact, be regarded as consenting to the sexual activity.

*Exception 1.*A medical procedure or intervention shall not constitute rape.

*Exception 2.*Sexualwith his own wife, the wife not being under fifteen years of intercourse or sexual acts by a man age, is not rape.

**Section : 376(2)(N) of I.P.C Punishment for rape:-**

1) -------

(2) Whoever,—

(a) -------

(i) -------

(ii) -------

(iii) -------

(b) -------

(c) -------

(d) -------

(e) -------

(f) -------

(g) -------

(h) -------

(i) -------

(j) -------

(k) -------

(l) -------

(m) -------

(n) commits rape repeatedly on the same woman,

shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine.

(૧૩) આ કામના આરોપી ઉપર આક્ષેપ છે કે આ કામના આરોપીએ ફરીયાદીને જણાવેલ કે આપણે બંન્ને પતિ–પત્ની કહેવાય અને આપણા બંન્નેના લગ્ન ટુંક સમયમાં થવાના છે તેવી લાલચ આપી, વિશ્વાસમાં લઈ, ફરીયાદીને ભરુચ આ કામના આરોપીના ઘરે તેમજ ફરીયાદીના ઘરે ફરીયાદીની મરજી વિરૂદ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધેલ હતો. સદર આક્ષેપના સંદર્ભના પુરાવાની ચર્ચા કરીએ તો ભોગબનનારને ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે જે આ કામના ફરીયાદી પણ છે જેઓના પુરાવા મુજબ સને–૨૦૨૩ ની સાલમાં આ કામના આરોપી મોલેશ સાથે તેણીની સગાઈ થયેલ હતી અને ત્યારબાદ તેણી તથા મોલેશ ફોન ઉપર વાતચીત કરતા હતા. વધુમાં ભોગબનનાર તેમના પુરાવામાં જણાવે છે કે, એવુ બનેલ નહી કે, સગાઈ બાદ મોલેશ તેઓના ઘરે આવેલ હોય અને ઘરના સભ્યો બહાર ગયેલ હોય મોલેશે તેણીને કહેલ કે આપણી સગાઈ થઈ ગયેલ છે જેથી શરીર સબંધ બાંધીએ તેણીએ શરીર સબંધ બાંધવાની ના પાડેલ હતી ત્યારે મોલેશે તેણીની સાથે શરીર સબંધ બાંધેલ.

એવુ બનેલ નહી કે, ભરુચ મુકામે તેણી મોલેશના ઘરે ગયેલ હોય ત્યારે ફરવા ગયેલ અને ત્યાં પણ તેણીની સાથે મોલેશે તેણીની ઇચ્છા વિરૂદ્ધ શરીર સબંધ બાંધેલ હતો. ત્યારબાદ એવુ પણ બનેલ નહી કે ગોંડલ મુકામે ફરીથી શરીર સબંધ બાંધેલ હતો. તેણીને અને મોલેશ વચ્ચે સગાઇ બાબતે બોલાચાલી થયેલ હતી અને બંન્ને વચ્ચે મનદુખ થયેલ હતુ જેથી તેઓએ પોલીસમાં બોલાચાલીની ફરીયાદ આપેલ હતી જે ફરીયાદ આંક–P1/PW-1 થી રજુ રાખવામાં આવેલ છે જેમાં તેણીની સહી ઓળખી બતાવે છે. વધુમાં ભોગબનનાર તેણીના પુરાવામાં જણાવે છે કે, બોલાચાલીની ફરીયાદ આપ્યાબાદ તેણીની કોર્ટમાં પુછપરછ થયેલી હતી. તેણીને પોલીસ કાગળોમાંથી સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું તેણીનું નિવેદન બતાવવામાં આવે છે જેમાં તેણીની સહી ઓળખી બતાવે છે જે નિવેદન આંક–P2/PW-1 થી રજુ રાખવામાં આવેલ છે. ભોગબનનારે તેમના કોર્ટ રૂબરૂના નિવેદનને સમર્થન આપેલ ન હોય વિ.એડી.પી.પી.શ્રીએ ભોગબનનારને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ અને ભોગબનનારની વિસ્તુત ઉલટતપાસ કરેલ છે પરંતુ ફરીયાદપક્ષની તરફેણમાં આવતો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નહી. ભોગબનનારની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેણીના માતા અને આરોપી મોલેશના માતા મામા–ફઇના બહેનો થતા હોવાનું તેમજ તેઓ સગા થતા હોઇએ જેથી તેઓની તથા મોલેશની સગાઇ નકકી થયેલ હોવાનું તેમજ તેણીની આરોપી સાથે સગાઇ થયેલ હોય જેથી તેણી આરોપી સાથે અવાર નવાર ફરવા જતી હતી તેમજ ફોનમાં વાતચીત કરતી હોવાનું તેમજ આરોપીએ તેણીની સાથે કોઇ પણ પ્રકારે શરીર સબંધ બાધેલ ન હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં ભોગબનનાર એ વાત કબુલ રાખેલ છે કે, તેણીને આરોપી સાથે લગ્ન થયેલ છે અને તેણીને આરોપી થકી એક સંતાન પુત્રી છે તેમજ પોલીસે તેઓને ફરીયાદ વાંચી સંભળાવેલ નહી અને તેણીએ વાચેલ નહી તેઓએ માત્ર ફરીયાદમાં સહી કરેલ છે જેથી ફરીયાદમાં શું લખેલ છે તેની તેઓને ખબર ન હોવાનું કબુલ રાખેલ છે.

**(૧૩.૧)** આમ, ભોગબનનારનો પુરાવો જોતા આરોપી અને ભોગબનનારની સગાઇ થઇ ગયા બાદ આરોપીએ ભોગબનનારના ઘરે શરીર સબંધ બાંધેલ હોય કે ભરુચના આરોપીના ઘરે ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધેલ હોવાની હકિકતને સમર્થન આપેલ નથી અને તેઓ વચ્ચે સગાઈ બાબતે બોલાચાલી થયાના કારણે બંન્ને વચ્ચે મતભેદ થયેલો જેના કારણે ભોગબનનારે આરોપી વિરૂદ્ધ ફરીયાદ આપેલ હોવાનું જણાઇ આવે છે. ભોગબનનારે તેણીના સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબના નિવેદનમાં આરોપી દ્વારા ભોગબનનાર તથા આરોપીના ઘરે શરીર સબંધ બાંધેલ હોવની હકિકત જણાવેલ છે પરંતુ ભોગબનનારે કોર્ટ રૂબરૂના પુરાવામાં આ હકિકતને સમર્થન આપેલ નથી. વધુમાં ભોગબનનાર જે આ કામના એક માત્ર બનાવ નજરે જોનાર સાહેદ છે તેઓએ તેમની ફરીયાદની હકિકત ને સમર્થન આપેલ નથી અને આરોપી વિરૂદ્ધ કોઇ પુરાવો આપેલ નથી. વધુમાં બંન્નેના લગ્ન થઇ ગયેલ હોય અને આરોપી થકી ભોગબનનારને એક પુત્રી સંતાન થયેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે.

**(૧૪)** વધુમાં ફરીયાદપક્ષે ભોગબનનારના માતાને સાહેદ નં.૨ તરીકે આંક-૧૧ થી તપાસવામાં આવેલ છે જેઓના પુરાવા મુજબ આ કામના ફરીયાદી તેઓની દિકરી થાય છે. ફરીયાદીની સગાઇ આ કામના આરોપી મોલેશ સાથે થયેલ હતી. આ સમય દરમ્યાન આરોપીની માતા સાથે તેણીને બોલાચાલી થયેલ હતી તે સીવાય બીજુ કાંઇ બનેલ નથી. વધુમાં સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, એવુ બનેલ નહી કે આ કામના આરોપી મોલેશ ફરીયાદીને અવાર નવાર મળતો ફરીયાદી ભરુચ મુકામે જતી તેમજ આરોપી ગોંડલ મુકામે આવતો ત્યારે ફરીયાદી સાથે આરોપીએ શરીર સબંધ બાંધેલ હોય. તેઓની દિકરીએ પોલીસમાં બોલાચાલીની ફરીયાદ આપેલ હતી તે સીવાય બીજુ કાંઇ બનેલ નથી. તેમજ આ કામના આરોપીને તેઓ ઓળખી બતાવે છે. સદર સહેદે તેમના કોર્ટ રૂબરૂના નિવેદનને સમર્થન આપેલ ન હોય વિ.એડી.પી.પી.શ્રીએ

ભોગબનનારને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ અને સાહેદની વિસ્તુત ઉલટતપાસ કરેલ છે પરંતુ ફરીયાદપક્ષની તરફેણમાં આવતો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નહી. સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આરોપીના માતા અને તેઓ સગા થતા હોય અને તેઓની વચ્ચે બોલાચાલી થયેલ હોય અને તેઓની દિકરીની સગાઇ તુટવાના ડરથી આરોપી વિરૂદ્ધ ફરીયાદ આપેલ હતી. આમ, સદર સાહેદનો પુરાવો જોતા આરોપી તથા ભોગબનનારની સગાઇ થઇ ગયા બાદ બંન્ને પક્ષકારો વચ્ચે બોલાચાલી થઇ ગયેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે પરંતુ આરોપીએ ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધેલ હોવાની હકિકતને આ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી તે સીવાય અન્ય કોઇ સાહેદ ફરીયાદપક્ષે તપાસેલ નથી.

**(૧૫)** વધુમાં ફરીયાદ પક્ષે ત.ક.અમલદાર આનંદ ચંદુભાઇ ડામોર નાઓને સાહેદ નં.૩ તરીકે આંક-૧૨ થી તપાસવામાં આવેલ છે જેઓના પુરાવા મુજબ તા.૦૩/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ સીટી પો.સ્ટે. માં ઇ/ચા પી.આઇ. તરીકે ફરજ પર હતા ત્યારે ગોંડલ સીટી પો.સ્ટે.ના ગુ.રજી.નં.૧૦૬૯/૨૦૨૩ ની તપાસ તેઓને મળેલ હતી. ફરીયાદ અનુસંધાને તેઓએ સાહેદોના નિવેદનો લીધેલ, આરોપી મળી આવતા આરોપીને અટક કરેલ તથા કપડા કબ્જે કરેલાનું પંચનામું કરેલ તથા ભોગબનનારના કપડા કબ્જે કરેલાનું પંચનામું કરેલ તથા ભોગબનનાર/ફરીયાદીનું નિવેદન લીધેલ તથા ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ-૧૬૪ નું નિવેદન લીધેલ તથા ભોગબનનારની તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવેલ તેમજ કબ્જે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. રાજકોટને મોકલેલ હતો. જે મુદ્દામાલ રવાનગીમાં તેઓની સહી ઓળખી બતાવે છે. તેમજ આરોપી સામે પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. વધુમાં તેઓને આંક-P1/PW-1 વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે પી.એસ.આઇ. આર.કે.ગોચલ ની રૂબરૂ લીધેલ હતી જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં આંક-P3 થી આંક-P12 સુધી ગુન્હો

રજી કરવાનો પત્ર, તપાસનો ડેપ્યુટ હુકમ, બનાવવાળી જગ્યાનું પંચનામું, ભોગબનનાર/ફરીયાદીના કપડા કબ્જે કરેલાનું પંચનામું, આરોપીના કપડા કબ્જે કરેલાનું પંચનામું, ભોગબનનાર/ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ, આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ, મુદ્ધામાલ રવાનગી તથા સતાનું પ્રમાણપત્ર તથા એફ.એસ.એલ. ની પહોંચ તથા એફ.એસ.એલ. રીપોર્ટ છે જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ હતા જે તેઓ ઓળખી બતાવે છે. આમ, સદર સાહેદે તપાસી કામગીરી અંગેનો સમર્થન કારક પુરાવો આપેલ છે પરંતુ તેઓના પુરાવાથી આરોપીને સજા કરી શકાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૧૬) વધુમાં આ કામે આંક–P12 થી એફ.એસ.એલ. રાજકોટનો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ રજુ થયેલ છે જે જોતા આરોપી વિરૂદ્ધ કોઇ મેડીકલ કે સાયન્ટીફીક પુરાવો મળી આવેલ નથી.

(૧૭) આ કામે બચાવપક્ષ દ્ધારા બનાવવાળી જગ્યાનું પંચનામું, ભોગબનનાર/ફરીયાદીના કપડા કબ્જે કરેલાનું પંચનામું, આરોપીના કપડા કબ્જે કરેલાનું પંચનામું, ભોગબનનાર/ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ, આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ, મુદ્ધામાલ રવાનગી તથા સતાનું પ્રમાણપત્ર તથા એફ.એસ.એલ. ની પહોંચ કબુલ કરેલ છે જે આ કામે આંક–P5 થી P11 સુધી રજુ થયેલ છે. જેથી ફરીયાદપક્ષે ઉપરોકત દસ્તાવેજી પુરાવાની વિગતો બચાવપક્ષની કબુલાતથી પુરવાર કરેલ હોવાનું માની શકાય. આ કામે ભોગબનનારનું P8 થી રજુ મેડીકલ સર્ટીફીકેટ જોતા ભોગબનનારની સગાઇ જે વ્યકિત સાથે થયેલી તે વ્યકિત દ્ધારા અવાર નવાર તેણીની મરજી વિરૂદ્ધ શરીર સબંધ બાંધવામાં આવેલો તે હકિકત ભોગબનનારે જણાવેલ હોવાનું ફલીત થાય છે પરંતુ સદર સર્ટીફીકેટમાં આરોપીનું નામ જણાવવામાં આવેલ નથી. આ કામે આંક–P9 જોતા આરોપીએ મેડીકલ ઓફીસરશ્રી રૂબરૂ બનાવની હિસ્ટ્રી આપેલ છે જે જોતા આરોપી તથા ભોગબનનાર વચ્ચે બંન્નેની સમંતીથી અવાર નવાર શરીર સબંધ

બાંધવામાં આવેલ હોવાનું આરોપીએ જણાવેલ છે પરંતુ હાલના કેસમાં ભોગબનનાર જે આ કામના નજરે જોનાર સાહેદ છે તેઓએ આરોપી વિરૂદ્ધ કોઇ પુરાવો આપેલ નથી. તેમજ આરોપી વિરૂદ્ધ કોઇ મેડીકલ પુરાવો કે સાયન્ટીફીક પુરાવો મળી આવેલ નથી. આમ, આ કામના ફરીયાદીની આરોપી સાથે તા.૦૫/૧૨/૨૦૨૨ ના રોજ સગાઇ થયેલ હોય જેથી આ કામના આરોપીએ ફરીયાદીને જણાવેલ કે આપણે બંન્ને પતિ-પત્ની કહેવાય અને આપણા બંન્નેના લગ્ન ટુંક સમયમાં થવાના છે તેવી લાલચ આપી, વિશ્વાસમાં લઇ, ફરીયાદીને ભરુચ આ કામના આરોપીના ઘરે તેમજ ફરીયાદીના ઘરે ફરીયાદીની મરજી વિરૂદ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી, સગાઇ તોડી નાખી, લગ્ન કરવાની ના પાડી, આ કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ બાબતનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, ઉપરોકત ઉપસ્થીત **મુદ્દા નં.૧** નો નિર્ણય **''નકારમાં''** આપવામાં આવે છે. આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો તહોમતનામા મુજબનો ગુન્હો પુરવાર થતો ન હોય **મુદ્દા નં.૨** અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવુ છું.

## -//હુ ક મ//-

(૧) આરોપી **મોલેષભાઇ સ/ઓ રામલાલભાઇ રાજપુત,** ઉ.વ.પુખ્ત, ધંધો-પ્રા.નોકરી, રહે.ભરુચ, નવી વસાહત, સીવીલ હોસ્પીટલ સામે, મકાન નં.૮/૭, મુળ આગ્રા, ઉતરપ્રદેશ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે તેમની વિરૂદ્ધનાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી જામીન મુકત હોય તેઓના જામીન ખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી વિરૂદ્ધનાં ગુન્હાના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આ કામના આરોપીએ સી.આર.પી. સી.કલમ–૪૩૯(એ) અન્વયે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર/ હજાર પુરા) ના જામીન રજુ કરવા. જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

(૪) આ ગુન્હાના કામે તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ નોનવેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય પુર્ણ થયેથી અથવા જો અપીલ થાય તો નામ. અપીલ કોર્ટના હુકમ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે.

હુકમ મુજબ સબંધિત જેલને યાદી કરવી.

હુકમ આજ રોજ તા.૨૦મી, માંહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૨૦/૦૭/૨૦૨૬
સ્થળ : રાજકોટ એટ ગોંડલ

**(પુષ્પા શંકરલાલ સૈની)**
ચોથા એડીશ્નલ સેશનસ જજ,
રાજકોટ એટ ગોંડલ
**(GJ01595)**